જા.ન./પગારડેટા/૨૦૨૫/૨૩૯૮૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩ જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
web : suratdeo.org
mail : suratdeo@gmail.com
તા. ૦૨/૧૨/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓ
સુરત, જિલ્લો-સુરત

**વિષય :- માહે ડિસેમ્બર-૨૦૨૫ પેઈડ ઇન જાન્યુઆરી-૨૦૨૫ માટે પગારનાં ડેટા રજૂ કરવા બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરીનાં નિયંત્રણ હેઠળ આવેલ સુરત જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, પ્રાયોગિક અને સંસ્કૃત પાઠશાળાઓ માટે માહે ડિસેમ્બર-૨૦૨૫ પેઈડ ઇન જાન્યુઆરી-૨૦૨૫ માટે પગારનાં ડેટા નીચે મુજબની તારીખે સ્વીકારવામાં આવશે તે મુજબ સમયમર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ૦૪/૧૨/૨૦૨૫ | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |
| ૨ | ૦૫/૧૨/૨૦૨૫ | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |

**પગાર ડેટા રજૂ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.**

- શાળાનાં ઓનલાઈન પગારબીલમાં જે કર્મચારીનાં બેંક ખાતા નંબરમાં વિસંગતતા હોય તેવા કર્મચારીનાં જરૂરી RT-1 ફોર્મ રજૂ કરી બિનચૂક સુધારો કરાવાનો રહેશે.
- ગત માસનું ઓનલાઈન પગારબીલ કાઢી જે કર્મચારીનાં પગારની વિગતમાં સુધારા વધારા કરવાના હોઈ તેવા કર્મચારીના જરૂરી લગત ડેટા પત્રક RT ફોર્મ ચોકસાઈપૂર્વક તૈયાર કરી રજૂ કરવાના રહેશે.
- નવા સી.પી.એફ. નંબર મળેલ હોય તેની કપાત શરૂ કરતા પહેલા સી.પી.એફ. નંબરનું મેપીંગ થયેલ છે કે કેમ? તથા સી.પી.એફ. નંબર એક્ટીવ થયેલ છે કે કેમ ? PRAN નંબર આવેલ છે કે કેમ ? જે અત્રે વેરીફાઈ કરાવ્યા બાદ જ જરૂરી આધારો સાથે RT FORM-1 ડેટાપત્રક રજૂ કરવાનું રહેશે.
- પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજૂ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજૂ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજૂ કરવા માટે મોકલવામાં આવતાં જાણકાર કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી લેટર આપી મોકલવાનાં રહેશે. પગાર સબંધિત કામગીરી સંભાળતા ન હોઈ તેવા કર્મચારી દ્વારા ડેટા રજૂ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ. જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.
- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.
- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર, બજેટ કોડ, ડેટા ટાઈપ, કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે. તેમજ એક કરતા વધુ કર્મચારી હોય તો ચઢતા ક્રમમાં કર્મચારીની વિગતો આપવાની રહેશે. જેની નોંધ લેશો.

શિક્ષણાધિકારી (વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત જિલ્લો સુરત.

**નકલ રવાના : જાણ તથા કેમ્પ અન્વયે જરૂરી વ્યવસ્થા કરવા સારુ.**

૧. આચાર્યશ્રી, ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત
૨. આચાર્યશ્રી, જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત